# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દલાલોના સામ્રાજ્ય વચ્ચે દર્દીઓ લૂંટાતા હોવાની રાવ

## સિવિલના જ કેટલાક દલાલો દર્દીને ખાનગી દવાખાને રીફર કરી તગડું કમીશન રળતા હોવાની રાવ : કોઠા કબાડા કરતા તત્વો સામે પગલાં ભરવાની માંગ

સરહદી બનાસકાંઠા જીલ્લાની પાલનપુર ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલના કથળેલા વહીવટને પગલે આયેદીન વિવાદોમાં ઘેરાતી રહે છે. પાલનપુર સિવિલના ઈન્ચાર્જ સિવિલ સર્જનના રાજમાં સિવિલ હોસ્પિટલમાં દલાલોના સામ્રાજય વચ્ચે દર્દીઓ લૂંટાઈ રહ્યા હોવાની રાવ ઉઠી છે. સર્ટીફીકેટથી લઈને દર્દીની સારવાર સુધીમાં દર્દીઓના ખિસ્સા ખંખેરાતા હોવા છતાં જીલ્લા આરોગ્ય તંત્ર સહીત જીલ્લા પ્રસાશન મુક પ્રેક્ષક બની તમાશો જોયા કરે છે ત્યારે જીલ્લાના આરોગ્યમંત્રી સરપ્રાઈઝ ચેકીંગ કરી સિવિલના નઘરોળ તંત્રને સબક શીખવાડે તેવી માંગ જોર પકડી રહી છે.

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત કેટલાક સ્ટાફને કારણે સિવિલનો વહીવટ વગોવાઈ રહ્યો છે. પાલનપુર સિવિલમાં ડ્રાયવર તરીકે ફરજ બજાવતા બે ડ્રાયવરો ધ્વારા દર્દીઓની ઉઘાડી લૂંટ ચલાવાતી હોવાની બુમરાણ મચી છે. પાલનપુર સિવિલમાં ઈમરજન્સી કેસ આવતા હોય છે. ત્યારે ગંભીર હાલત ધરાવતા દર્દીઓને અમદાવાદ કે મહેસાણા રીફર કરાતા હોય છે. ત્યારે આ કીમીયાગર વાહનચાલકો દર્દીઓના સગા-સબંધીઓને ભરમાવીને પાલનપુર ખાતે તેઓના કમીશન બાંધેલા છે તેવા તબીબોને ત્યાં દર્દીઓને રીફર કરી તગડી મલાઈ ખાતા હોવાની રાડ ઉઠી છે. અગાઉ તો તેઓ પાલનપુર સિવિલની એમ્બ્યુલન્સમાં જ પાલનપુરના ખાનગી તબીબોને ત્યાં દર્દીઓને રીફર કરવા જતા હતા. પરંતુ મીડીયાકર્મીઓની બાજ નજર તળે ઘોંસ વધતા હવે આ બે કમીયાગર ડ્રાઈવરો તબીબને ફોન કરી તેઓની પ્રાઈવેટ ગાડી સિવિલમાં બોલાવી મોડેસ ઓપરેન્ડીસ પણ કમાલની છે. અકસ્માત કે હોનારત ટાણે સિવિલમાં ૧૦૮ મારફતે આવેલા દર્દીને જયારે કરી લઈ સ્થાનિક તબીબોને ત્યાં તેમને કદ પ્રમાણે વેતરવા માટે ધકેલી દેતા હોવાની રાવ ઉઠી છે. જેનો પ્રત્યક્ષ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દર્દીઓને રીફર કરી તગડું કમીશન મેળવી લેતા હોવાની રાવ ઉઠી છે.

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ પર ચાલક તરીકે ફરજ બજાવતા આ મેષ અને મિથુન રાષિના નામ અને અટકધારી ડ્રાયવરોના કરતુતોથી સિવિલનો વહીવટ વગોવાઈ રહ્યો હોવા છતાં અગમ્ય કારણોસર ખુદ સિવિલ સર્જન પણ ચુપકીદી સેવી રહ્યા છે. આ ડ્રાયવરોની અમદાવાદ કે મહેસાણા રીફર કરવાના થાય ત્યારે તેઓના સગા-સબંધીઓને અમદાવાદ કે મહેસાણા તો તમને કોઈ ઓળખશે પણ નહી અને ત્યાં તો કોઈ તમારો ભાવ પણ નહી પુછે અને ત્યાં જતા સમયનો બગાડ થશે ત્યાં સુધી દર્દી દમ તોડી દેશો તેવા કાલ્પનીક ભય તળે લાવી અમદાવાદ જેવી જ સારવાર તો અહીં પણ ઉપલબ્ધ છે તેમ કહી તેઓનો વિશ્વાસ સંપાદન અનુભવ સિવિલના કેટલાક સ્ટાફને પણ થયો હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. છતાં આ ડ્રાયવરોનો કોઈ કાન આમળતું ન હોઈ તેઓને દર્દીઓને મોતના મુખમાં ધકેલવાની સાથે ઉઘાડી લૂંટ ચલાવવા માટે મોકળું મેદાન મળ્યું હોવાની ફરીયાદો ઉઠી છે. ત્યારે જીલ્લા સમાહર્તા તટસ્થ તપાસ કરાવી કસુરવારો સામે પગલાં ભરે તેવી માંગ ઉઠી છે.

## જુના લોખંડ ગામે દારૂની રેલમછેલ

ભિલોડા, તા.૬

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ફતેપુર ગામ પાસેના જુના લોખંડ વસાહતમાં જાડેજા પરીવારના ૨૦ જેટલા કાચા-પાકા મકાન બનાવી પશુપાલન કરી પોતાનું ગુજરાન ચલાવે છે ત્યારે ત્યાંના કેટલાક ઈસમો દારૂના રવાડે ચડી કેટલાક ઈસમોને ઘણા સમયથી હેરાન-પરેશાન કરી રહ્યા છે. બાઈ-બેટીની છેડતી કરવી,બિભત્સ ગાળો બોલી ભારે મુશ્કેલીમાં મુક્યા છે ત્યારે જુના લોખંડના રહીશ અને હિંગળાજ માતાજી મંદીરના પુજારી કિંસ્મતસિંહ મદનસિંહ રાઠોડ મંદીરના સેવક છે. દારૂડીયાઓ મંદીરમાં તોડફોડ કરતાં અને મંદીરના પુજારી સાથે બિભત્સ ગાળો બોલતાં ગાંભોઈ પોલીસમાં રૂબરૂ જઈ ત્રણ વાર લખાણ આપ્યું હોવાનું જણાવેલ છે તેમ છતાં હપ્તામાં મશગુલ ગાંભોઈ પોલીસને જુના લોખંડ જવાનો ટાઈમ નથી. સત્વરે આ બાબતે ગાંભોઈ પોલીસ દારૂડીયાની ધરપકડ નહી કરે તો કોઈ બાઈ-બેટીનું જોખમ થઈ બેસે તેવું લોકમુખે ચર્ચાય છે.

**રક્તદાન મહાદાન**


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ‘બેટી બચાવો... બેટી ભણાવો...’

ઉપરનું સૂત્ર હેઠળ સરકાર દ્વારા દર વર્ષે લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે અને અવનવા ગતકડાં રૂપ કાર્યક્રમો કરવામાં આવે છે પરંતુ આજે દીકરીઓ પોતાના પરિવાર અને પોતાના પાપી પેટનો ખાડો પૂર્વા માટે શહેરની બહાર આવેલ કચરાપેટીના કન્ટેનર જોડેથી પ્લાસ્ટિક વીણી વીણીને ભેગી કરે છે ત્યારે બેટી બચાવો અને બેટી ભણાવોના સૂત્ર સાથે એક નવું સૂત્ર જોડવા જેવું ખરું કે બેટી બચાવો... બેટી ભણાવો... અને બેટીના પેટનો ખાડો પૂર્વા કઈ નક્કર કરો....

# ભિલોડાની કમળાબા આશ્રમ શાળામાંથી ૧૦ બાળકો ભાગી ગયા

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના કાળી ડુંગળી ગામની કમળાબા આશ્રમ શાળામાંથી ૧૦ બાળકો શાકભાજીનો વ્યવસાય કરતા ત્રણ-ચાર વેપારીઓએ પુછપરછ કરતાં બાળકોએ ભુખ લાગી હોવાનું જણાવ્યું હતું. બાળકોને નાસ્તો કરાવ્યા બાબુભાઈ ખૈર ધોરણ.૧ તમામ રહેવાસી.જોતાસણ, તા.ખેડબ્રહ્માના છે. આ બાબતે ભિલોડા પોલીસે આશ્રમ શાળાના સંચાલક કે. કે. જોષીને


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભાગ્યા હતા. જેમાં ત્રણ ઘરે પહોંચી ગયા હતા અને ૭ બાળકો ભિલોડા ત્રણ રસ્તા પાસે આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આશ્રમના વહીવટદારો ક્યાં ગયા હશે ? તે ચર્ચાનો નો વિષય છે.પ્રાપ્ત માહિતી મુજબ કમળાબા આશ્રમ શાળાના છાત્રોને ફાવતું ના હોવાના કારણે સંચાલકોને કહ્યા વિના નીકળી જતાં ભિલોડા આવી ભિલોડાના ત્રણ રસ્તા પાસે રડતા હતા ત્યાં અને ભિલોડા સરપંચને જાણ કરતાં ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એચ. પી. ઝાલાને જણાવાતાં બાળકો પોલીસ સ્ટેશનને પહોંચાડ્યા હતા.

નીકળી ગયેલ બાળકો (૧) સેગાભાઈ ખૈર ધોરણ.૪ (૨) કાળુ વાલજીભાઈ ખૈર ધોરણ.૫ (૩) વિજય મહેન્દ્ર ખૈર ધોરણ.૬ (૪) રમેશ માંનાભાઈ ખૈર ધોરણ.૪ (૫) બંશી મનજીભાઈ ખૈર ધોરણ.૪ (૬) પુનમ બાબુભાઈ ખૈર (૭) કિરણ સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે આમારી શાળામાંથી આ બાળકો કોઈને કહ્યા વિના નીકળી ગયા હતા ત્યાર બાદ આ સાતેય બાળકોને સહીસલામત રીતે તેમના વાલી-વારસોને સોપવામાં આવ્યા હતા. સંચાલકો, જવાબદારો કહે છે કે બાળકો આશ્રમ શાળામાં નીકળી ગયા તેવું કહી હાથ ઉંચા કરી દીધા હતા તે કેમ ચાલે ? બાળકો કોઈ જગ્યાએ ફસાઈ ગયા હોત તો આનો જવાબદાર કોણ ?


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્રના ઉપક્રમે ડિઝીટલ સપ્તાહની ઉજવણી અંતર્ગત હિંમતનગરના ટાઉનહોલ ખાતે ‘ડિઝીટલ સાબરકાંઠા’ વિષય પર સેમિનાર યોજાયો હતો. ડિઝીટલ સાબરકાંઠાની વાત કરતા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીના ડિઝીટલ ભારતના સ્વપ્ન સાકાર કરતો પ્રોજેક્ટ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતીની પ્રેરણાથી સપ્ટેમ્બર ૨૦૧૪થી સમગ્ર ભારતનો સૌપ્રથમ વાઈ-ફાઈ સજ્જ તાલુકો ખેડબ્રહ્મા બનાવી ડિઝીટલ સાબરકાંઠાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ઈ-શિક્ષક, ડિઝીટલ સેતુ, ડિઝીટલ વિલેજ, ઈ-મમતા અને સ્વાસ્થ્ય સંવેદના સેના સહિતની સુવિધાઓનો પ્રારંભ સાબરકાંઠા જિલ્લાથી કરવામાં આવ્યો છે.

# મોડાસા શહેરમાં રખડતી ગાયો અગમ્ય કારણોસર ટપોટપ પટકાઈ

## જીવદયાપ્રેમીઓમાં ગાયમાતાને બચાવવા દોડધામ : અરવલ્લીમાં પાંજરાપોળ બનાવવા માંગ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં નગરના ગોપાલકો દ્વારા શહેરના વિસ્તારમાં રખડતી છોડી દેવામાં આવે છે. મોડાસા શહેરમાં રખડતી ગાયો દ્વારા નિર્દોષ લોકોને, વાહનચાલકોને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડ્યાના કિસ્સાઓ વારંવાર વર્તમાનપત્રોમાં સમાચાર પ્રસિદ્ધ થતા હોય છે. રખડતી ગાયો ચોમાસામાં ગંદકીથી બચવા જાહેર અડીંગો જમાવી દેતી હોય છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી રખડતી ભટકતી ગાયોથી હિન્દુ સમાજની લાગણી દુભાતી હોવા છતાં


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગાયો ટપોટપ પટકાઈ જઈ ફસડાઈ જતી હોવાથી જીવદયા પ્રેમીઓમાં ગાયમાતાને બચાવવા પ્રયોશા હાથ ધરવામાં આવ્યા છે. તદ્ઉપરાંત ગાયોને રખડતી મુકી દેતા ગોપાલકો સામે રોષ ફેલાયો છે.

હિન્દુ સમાજમાં ગાયને માતાનો દરજજો આપવામાં આવ્યો છે. હિન્દુ લોકો ગાયનું પૂજન કરતા હોવાથી ગાય હિન્દુ સમાજમાં ઉચ્ચ દરજ્જાનું સ્થાન ધરાવે છે. ત્યારે મોડાસા શહેરમાં મોડાસા શહેરના ગોપાલકો દ્વારા શહેરના માર્ગો પર રખડતી મુકી દેવામાં આવે છે. મોડાસા શહેરના સોસાયટી વિસ્તારોમાં રખડતી ગાયોને શહેરીજનો વધેલો ખોરાક અને એઠવાડ ખવડાવતા હોવાથી અપોષણક્ષમ આહારથી તેમજ ચોમાસામાં ઉગી નીકળતી વનસ્પતિઓ આરોગવાથી ગાયો બિમારીમાં સપડાય છે. છેલ્લા ત્રણ દિવસથી મોડાસા શહેરના કલ્યાણ ચોકમાં, માનવપાર્ક સોસાયટીમાં, ગોપીવલ્લભ કોમ્પલેક્ષની પાછળ અને સાઈબાબા વિસ્તારમાં ચાલતા ફરતી ગાયો અચાનક ચક્કર ખાઈને પડી જતાં સોસાયટી વિસ્તારોમાં દયાભાવ સાથે આશ્ચર્ય ફેલાયુ હતુ. સોસાયટી વિસ્તારના રહીશોએ ગાયોની બિમારી ગંભીર જણાતા અરવલ્લી જિલ્લામાં જીવદયા પ્રેમી તરીકે જાણીતા નિલેષ જોષી (પ્રાણી અત્યાચાર નિવારણ ઉપપ્રમુખ, અરવલ્લી)નો સંપર્ક કરતા ડોક્ટરોની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગાયોની સારવાર શરૂ કરવામાં આવી હતી. પશુચિકિત્સકો દ્વારા ગાયોને આઈ.વી. ફલુઈડ અને ઈન્જેક્શનો દ્વારા ખડેપગે અદ્યતન સારવાર આપવામાં આવી હોવા છતાં અગમ્ય કારણોસર બિમારીમાં સપડાયેલી ગાયોની હાલતમાં સુધારો જોવા મળ્યો નહતો.

જીવદયાપ્રેમી નિલેષ જોષીના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લામાં પાંજરાપોળના અભાવે પશુચિકિત્સકો સારવાર તો આપે છે પરંતુ ગાયોને કે અન્ય પશુઓને રાખવા માટે જિલ્લામાં યોગ્ય જગ્યાના અભાવે જે તે સ્થળે જ સારવાર કરી ત્યાજ રાખવામાં આવતી હોવાથી ગાયને રાત્રે કૂતરાઓ દ્વારા શિકાર બનાવવામાં આવતા બિમાર ગાયની હાલત વધુ કફોડી બની જાય છે. ત્યારે મોડાસા શહેરમાં પશુઓ માટે પાંજરાપોળ, અદ્યતન પશુ ચિકિત્સાલય અથવા હરતી ફરતી એમ્બ્યુલન્સની સવલત કરવામાં આવે તો જ ગાયની યોગ્ય સારવાર શકય બનાવી અબોલ પશુઓના જીવ બચાવી શકાય.

**વડીલોને વંદન**

**અભિનંદન**


જી.પી પટેલ

(૧૯૫૨)મો.૯૮૭૯૮૩૦૮૭૮

## શબ્દાવલી - ૫૭૮૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | | ■ | |
| ૮ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ૧૩ | ■ | ■ | ૧૪ | | ■ |
| ■ | ૧૫ | | ૧૬ | | | ■ | ૧૭ |
| ૧૮ | | | ■ | | ■ | ૧૯ | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |
| | ■ | ■ | ૨૨ | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. પસીનો (૪)
૪. માથાનું પેટી જવું હાડકું(૩)
૬. જકડાઇ જવું (૪)
૮. વાનગી (૨)
૧૦. રામ, કુલ રીતે સદા ચલી આઇ (૨)
૧૧. ઝુટકુ (૨)
૧૨. ચાકર, નોકરી કરનાર (૩)
૧૪. નરમ, પોચી જરાક અડતા દુઃખે તેવી (૨)
૧૫. ડીમ લાઇટ, નાઇટ લેમ્પ(૫)
૧૮. જીવ, ચેતના (૩)
૧૯. દૂધની મલાઇ (૨)
૨૦. જાદુ (૩)
૨૧. ચરબીવાળુ મજબૂત જાડુ, સ્થૂળતા (૪)
૨૨. પક્ષી - વિના ઊડી ના શકે(૨)
૨૩. ધૂળના નાના કણ (૨)

### ઊભી ચાવી

૧. મંજુરી, સદન, આજ્ઞાપત્ર (૪)
૨. પથારી, બેડ (૨)
૩. નાના બાળકને ચાલતા શીખવવાની ગાડી (૩)
૪. ખોઇ નાખવું (૨)
૫. ટોચકુ, ટેરવું (૩)
૭. મડદાને ઊંચકી લઇ જનાર (૨)
૯. સૌથી નજીકનું (૫)
૧૧. થેલી, ઝોળો (૨)
૧૩. રમી રહેલ, આનંદ માણતું (૪)
૧૪. ઉંમર, આયુષ્ય (૨)
૧૬. વાંધો, હરકત (૪)
૧૭. માથાનો તાજ (ઉપમા)(૪)
૧૮. નભ, અભ્ર (૩)
૧૯. ફોટો (૩)

### શબ્દાવલી ૫૭૮૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પતવાર (૪) પ્રયોગ (૫) જુગાર (૬) પાયો (૭) સરૂ (૯) જનાજો (૧૧) આયોજન (૧૩) બોર (૧૪) મકાન (૧૬) અબોલ (૧૪) મકાન (૧૬) અબોલ (૧૭) ચમરબંધી (૧૮) પગી (૨૦) કટરવ

**ઊભી ચાવી :-** (૧) પજુસણ (૨) તગારૂ (૩) વાર (૪) પ્રયોજન (૮) વિયોગ (૧૦) જોકર (૧૨) જુકામ (૧૩) બોલપટ (૧૪) મચક (૧૫) નરમ (૧૬) અધીક (૧૯) ગીવ

# તલોદ વિસ્તારમાં સ્વામીનારાયણના સંતોએ આર્શીવચન પાઠવ્યા

તલોદ વિસ્તારના હરી ભકતોના અતિ આગ્રહ થકી પધારેલા સ્વામીનારાયણ ધામના સંતોએ નવીન આકાર પામેલા રહેણાંકના પાવન પગલા કર્યા હતા. હાજર સૌએ સંતોના આર્શીવાદ મેળવી ધન્યતાની લાગણી અનુભવી હતી. તલોદ વિસ્તારના હરી ભકતોના અતિ આગ્રહ થકી પધારેલા સ્વામીનારાયણ ધામમાંથી પ.પૂ. મૂર્તિ સ્વામી, પ.પૂ. અદભૂત સ્વામી તથા પ.પૂ. અમૃત સ્વામીએ પોતાના પાવન પગલા કર્યા હતા. નવીન આકાર પામેલા આ રહેણાંકમાં સંતોએ પ્રવેશ કરી તેની રચનાને વખાણી હતી. તેમજ મકાન પ્રાપ્ત કરનાર તથા પ્રાપ્ત કરાવશે તે બંનેને શુભાશિષ આપેલ હતા. તલોદ તથા આજુબાજુની જનતા વ્યસન મુકત થાય તેવી નમ્ર અપીલ કરી હતી. પાવન પ્રસંગે ગામના આગેવાનો રાકેશભાઈ મહેતા, જયોતિષભાઈ જોષી, લક્ષ્મણસિંહ ઝાલા, ગિરીશભાઈ, ગોપાલભાઈ પટેલ, હર્ષદભાઈ, જયંતિભાઈ, પૂનમભાઈ પટેલ, હસમુખ સકસેના તથા આજુબાજુના હરીભકતાએ હાજર રહી સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. સંતોએ સૌ કોઈને આર્શીવચન પાઠવી શુભાશિષ આપ્યા હતા. વાતાવરણનું સર્જન એ જ સમાજનું પરિવર્તન તે સુત્રને સાકાર કરતા સંતોના પાવન પગલાથી વિસ્તાર પણ રમણીય બની ગયો હતો.


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

**મોર્ડન મોટર્સ**

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦